

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

### સલામી સવારની..

*બૂટલેગર સામે પડે તે પછડાઈ જાય છે,*
*ને નેતાનો વિરોધી ગુનામાં પકડાઈ જાય છે*
*ફસાઈ જાય છે 'તૂમાર'માં સાહેબોનો વિરોધી*
*કાયદાથી ન જીતાય, રસ્તે કચડાઈ જાય છે...*
*(કાયદો અમારા ડાબા હાથનો ખેલ)*

### હાઈકુ

*કચડી નાખે,*
*અન્યાયનું જેસીબી*
*નિર્દોષ જન...*

*કરે છે સેવા,*
*ને સત્તાની ગુલામી -*
*પાલતુ શ્વાન...*

### ચિંતન

*તીરથ ચલા ન્હાન કો, મન મેલા ચિત્તચોર,*
*એકો પાપ ન ઉતર્યા, લાયા મન દસ ઔર*

ઉપરોક્ત સાખી કહત કબીરામાંથી લેવામાં આવેલ છે.

કબીર કહે છે કે મૃત્યુલોકનો માનવી પુણ્ય મેળવવા માટે અને પાપ ધોવા તીર્થસ્નાન કરવા ચાલ્યો પણ મન મલિક છે. ચિતડું ચોર છે. તે શુદ્ધ ન થાય ત્યાં સુધી એક પણ પાપ ટળવાનું નથી. તો એ તીર્થસ્થળે જવાનો કે સ્નાન કરવાનો શો મતલબ છે? કબીર કહે છે. પહેલા મન શુદ્ધિ કરો તમારું તન અને જીવન આપોઆપ શુદ્ધ અને પવિત્ર થઈ જશે.

### સુવિચાર

- પરમાત્માની પ્રાપ્તિ મુશ્કેલ છે, પરંતુ વ્યક્તિ જો તેના તરફ જ વળેલી હોય તો તેને પ્રાપ્ત કરવામાં નડતી મુશ્કેલીઓ પર વિજય મેળવી શકાય - **શ્રી અરવિંદ**
- વિષમતાથી બચવું હોય તો, બહારનું જીવન જીવવા માટેની શીખ અંધરથી મેળવીએ - **અમૃતબિંદુ**
- સમાજની વાત કરનારા જયારે પોતાનો સમાજ કહે ત્યારે સમાજનું અસ્તિત્વ મટી જતું હોય છે - **એસ. ભટ્ટાચાર્ય**
- કર્મો થકી વિશ્વ સકલ તમ ચરણે પડે, હો તાકાત કર્મોની ભાગ્ય પણ નમી પડે - **આદમી રીઝવી**
- દરેક વસ્તુની સીમા નક્કી કરનારની પોતાના સ્વાર્થની કોઈ સીમા હોતી નથી - **અખંડ આનંદ**
- માણસ તરીકે શ્વેત-શ્યામ રહી સંબંધને મેઘધનુષે સજાવીએ - **ચિત્રલેખા**
- આજનું ઔષધ : મકાઈનો લોટ અને દહીં બરાબર ભેળવીને ચહેરા પર લગાવવાથી ત્વચામાં ચમક આવ છે

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

ભાસ્કરાચાર્ય વિદ્વાન ગણિતજ્ઞ. જેમણે અંક ગણિત પર ખૂબ સંશોધન કર્યા. એમના પુત્રી લીલાવતીના લગ્ન થયા કે તરત એકાદ વર્ષમાં જ તેઓ વિધવા થયા. અચાનક આવી પડેલ મુશ્કેલીને કારણે લીલાવતી ખૂબ દુઃખી અને ઉદાસ રહેતા. એકવાર લીલાવતી ભાસ્કરાચાર્યને મળવા પહોંચ્યા અને પિતાની સામે બેસી ખૂબ રોયા.

પિતા પાસે આ સમસ્યાનો કોઈ ઉકેલ તો હતો નહીં પણ એમણે પુત્રી લીલાવતીને કહ્યું, 'તમે અહીંયા મારી પાસે રહો અને ગણિતમાં રસ લઈ જુઓ કદાચ તમારો સમય ગણિત સાથે સારો પસાર થાય.' લીલાવતીએ પિતાની વાત માની અને પિતાએ એમને ગણિત શીખવાડવાનું શરુ કર્યું. ધીમે ધીમે લીલાવતી પણ અંકગણિતથી બીજ ગણિતના મુશ્કેલ કોયડા ઉકેલતા શીખી ગયા.

પાંચેક વર્ષમાં લીલાવતી પતિ ગુમાવ્યાના દુઃખને પણ વીસરી ગયા. વિદ્વાન ભાસ્કરાચાર્ય એક ગણિતશાસ્ત્રનો ગ્રંથ લખ્યો અને જેનું નામ 'લીલાવતી' રાખ્યું.

# આવકાદાયક ઐતિહાસિક કાયદો

**તંત્રીસ્થાનેથી...**

વિશ્વ માતૃદિવસ કેન્દ્ર સરકાર દ્વારા વૃદ્ધ માતાપિતાને વિશિષ્ટ બક્ષિસ મળી છે. જો કે કોઈ પણ માબાપ શક્ય હોય ત્યાં લગી પોતાનાં સંતાનોની વિરુદ્ધ ફરિયાદ કરવાનું ભાગ્યે જ પસંદ કરે, પરંતુ એમને રાહત આપતા કાનૂનથી વંઠેલ સંતાનો વૃદ્ધ માતાપિતાને હેરાન કરતાં બે વાર વિચાર કરશે એટલું નક્કી. માતાપિતાને ભગવાન ગણતી આપણી સંસ્કૃતિમાં વૃદ્ધાશ્રમો સામાજિક વિડંબના જ ગણાય. જો કે બદલાયેલા સંજોગોમાં એ સામાજિક અનિવાર્યતા બની ગયેલ છે. તકલીફ ત્યારે સરજાય છે કે જયારે માતાપિતાએ પોતાની પરસેવાની કમાણીથી ખરીદેલું ઘર બળજબરીપૂર્વક અથવા ચાલાકીથી પડાવી લઈ પેટનાં જણ્યાં એમણે રસ્તે રઝળતાં કરી મૂકે છે. દેશમાં વૃદ્ધાશ્રમો બિલાડીની ટોપની જેમ ફૂટી નીકળ્યા છે અને સખી દાતાઓ આવા વૃદ્ધાશ્રમોને અઢળક દાન પણ આપતા રહે છે. પરંતુ ત્યાં રહેતા વૃદ્ધો પૈકી ભાગ્યે જ કોઈ સ્વૈચ્છિક રીતે ઘર છોડીને આવ્યા હોય છે. મોટા ભાગના વૃદ્ધોને એમનાં સંતાનોએ ઘર છોડવા મજબૂર કર્યા હોય છે કાં તો છેતરીને વૃદ્ધાશ્રમમાં મૂકી આવ્યા હોય છે. છતાં માતાપિતા એ માતાપિતા છે. એ પોતાના લોહીને વગોવવા કરતાં ચૂપચાપ આંસુ સારી લેવાનું જ પસંદ કરતાં હોય છે. નાછૂટકે જ સંતાનો સામે ટ્રિબ્યુનલ કે અદાલતમાં ન્યાય માગવા જનારાં માવતર માટે હવે સરકારે અનુકૂળતા કરી આપી છે. અગાઉ ૨૦૦૭માં પસાર થયેલ કાયદાને વધારે કડક બનાવી આવા નપાવટ સંતાનોને ત્રણ માસને બદલે છ માસની સજાનું પ્રાવધાન કરાયું છે. વૃદ્ધ માતાપિતાને મહિને દસ હજાર જેટલી રકમ આપવાનું ફરમાન થયું છે. વળી આ કાયદો ફક્ત પુત્ર-પૌત્રોને જ નહીં પણ અન્ય સંતાનો ઉપરાંત દત્તક સંતાનોને પણ લાગુ પડશે. માતાપિતાની સામાજિક સુરક્ષાની જવાબદારી પ્રત્યે બેદરકાર રહેનારાં સંતાનો માટે આ કાયદો ચીમકી સ્વરુપ છે. કોઈ પણ માબાપ એના સંતાનને જેલ થાય એવું સ્વપ્ને પણ ના જ ઈચ્છે, પરંતુ જયારે નપાવટ સંતાનો વૃદ્ધ માતાપિતાની સામે ક્રૂરતા આચરે અને ઘરમાંથી કાઢી મૂકે ત્યારે સરકાર માબાપની આ પ્રકારની રક્ષાપ્રણાલી આવકાર દાયક જ ગણાશે. અગાઉ સંયુકત પરિવારોમાં બાળપણ અને ઘડપણ બેઉ સરખી રીતે સચવાઈ જતાં હતાં. એ વખતે જે કૌટુંબિક સ્નેહભાવના હતી તે વિભક્ત કુટુંબોમાં અને શહેરીકરણની અસરમાં ઓસરતી ચાલી છે. હવે જુવાન સંતાનોને માબાપ સાથે રહેવાનું કે એમને પોતાની સાથે રાખવાનું નથી ગમતું. સામાન્ય રીતે માતાપિતા આંધળા વાત્સલ્યભાવથી 'પારકી' અર્થાત્ વહુનો વાંક કાઢે છે, પરંતુ એમના કહાનકુંવર એટલા જ જવાબદાર હોય છે. આ બધી વિકટ અને વિષમ પરિસ્થિતિમાં વૃદ્ધાશ્રમો એ આવકારદાયક સામાજિક વ્યવસ્થા ગણાવી જોઈએ. અલબત્ત, વૃદ્ધાશ્રમોમાં રહેતાં માતાપિતાને મહિને દસ હજાર જેવી રકમ સંતાનો તરફથી મળશે તો ત્યાં પણ તેઓ ઓશિયાળા થઈને નહીં બલકે સ્વમાનભેર રહી શકશે.

# મેરીટલ રેપ : લગ્નમાં દુષ્કર્મનો અપરાધ



**કાયદો અને કાનૂન**

અશ્વિન ત્રિવેદી

ભારતમાં ૭૫ ટકા સ્ત્રીઓ મેરીટલ રેપનો ભોગ બને છે જે પુનામાં પોપ્યુલેશન ફંડના અહેવાલમાં સ્પષ્ટ જણાવેલ છે પરંતુ ભારતની સામાજીક પ્રથા અને પોલીસ તંત્ર મેરીટલ રેપના કાયદાની વિરૂધ્ધ છે.

ઈન્ડીયન પીનલ કોડની કલમ ૪૯૮(એ)નો ઉદ્દેશ પરણિત સ્ત્રીને દહેજના દુષણથી રક્ષણ આપવાનો છે પરંતુ તેનો વ્યાપક ઉપયોગ સાસરીયાને, પતિને ત્રાસ આપવા સામે થતા કુટુંબપ્રથા તુટી રહી છે. ૨૦૦૫ માં ડોમેટ્રીક વાયલન્સ એકટનો ઉદ્દેશ મહિલાના શારિરીક શોષણ સામે રક્ષણ આપવાનો હતો પરંતુ તેના કારણે પતિ, પત્નિના નાના ઝઘડાઓમાં પણ પોલીસ કેસો થતા લગ્નજીવન તુટવા લાગેલ નારી વાદી સંસ્થાઓએ લગ્નજીવનમાં થતા દુષ્કર્મને મેરીટલ રેપમાં સમાવેશ કરવાની માંગણી સામે સરકાર ઝુકતા હવે નવા કાયદામાં ફેરફાર થશે તેનાથી વેર વાળવાનો ઉદ્દેશ પત્નીનો સિધ્ધ થશે અને એક નવું કાયદાકિય હથિયાર સ્ત્રીના હાથમાં આવશે.

મહિલાઓ સાથેના દુષ્કર્મના કેસમાં સજા કરવાની જોગવાઈ ઈન્ડીયન પીનલ કોડની કલમ ૪૭૫ માં છે. આ કલમમાં સ્પષ્ટ જણાવેલ છે કે જો કોઈ પુરૂષ પોતાની ૧૫ વર્ષથી નાની નહિ તેવી પત્ની સાથે જાતીય સમાગમ અથવા વ્યવહાર કરે તો તેને રેપ ગણી શકાય નહિ આ મુજબ લગ્નજીવનમાં કરવામાં આવતા કોઈ પણ પ્રકારના જાતીય સંબંધનો સમાવેશ રેપની વ્યાખ્યામાં કરવામાં આવતો નથી.

જસ્ટીસ વર્મા પંચની ભલામણ મુજબ આવા કથીત દુષ્કર્મને સજાપાત્ર બનાવવાની ભલામણ કરી હતી. ભારતના કાયદા પંચે પોતાના ૧૭૨ માં અહેવાલમાં જસ્ટીસ વર્મા પંચની ભલામણ ઠુકરાવી હતી.

મેરીટલ રેપ એ વિદેશથી આયાત થયેલ છે. યુએન કમીટીઓ એલીમોનેશન ઓફ ડિસ્ક્રિમીનેશન અગેઈન્સ વુમન નામની સંસ્થાએ ભારતમાં મેરીટલ રેપની જોગવાઈ માટે ઝુંબેશ ઉપાડેલ. ભારતમાં ૭૫ ટકા સ્ત્રીઓ મેરીટલ રેપનો ભોગ બને છે જે પુનામાં પોપ્યુલેશન ફંડના અહેવાલમાં સ્પષ્ટ જણાવેલ છે પરંતુ ભારતની સામાજીક પ્રથા અને પોલીસ તંત્ર મેરીટલ રેપના કાયદાની વિરૂધ્ધમાં છે. મેરીટલ રેપ ગણવામાં આવે તો ભારતની ૧૮ વર્ષથી ઓવી વયની પત્ની ધરાવતા તમામ પુરૂષ જેલ ભેગા થઈ જાય અને લગ્ન સંસ્કારના તથા સામાજીક રીત, રીવાજ, રૂઢીનો નાશ થાય કોઈપણ સ્ત્રી પુરૂષ સાથે લગ્ન ગ્રંથીથી જોડાય ત્યારે માની લેવામાં આવે છે કે પોતાની પત્નીનો જાતીય આવેગ સંતોષવાનો કાયદાકીય પરવાનો મળી ગયેલ ગણાય છે.

હિન્દુ લગ્ન ધારા મુજબ હિન્દુ નિબંધની વ્યાખ્યા મુજબ પણ પતિને પોતાની પત્નીનો દેહ ભોગવવાનો લગ્નથી કાનુની અધિકાર મળે છે કોઈ પત્ની લગ્ન બાદ આ માટે તૈયાર ના થાય તો પતિ કોર્ટનો સહારો લઈ શકે છે ઘણા ચુકાદાઓ પતિની તરફેણમાં આવેલ છે. મેરીટલ રેપ દુનિયાના ૨૦૦ દેશમાંથી ૧૦૪ દેશોએ અપનાવેલ નથી. ઈંગ્લેન્ડે ૧૯૯૧ માં આ કાયદો પસાર કરેલ, મલેશીયાએ ૨૦૦૭માં અનુસર્યા છે. ભારતમાં હજુ વિચારણા હેઠળ છે.

### દેશ દુનિયામાં મહિલાઓ માટે ચિત્ર વિચિત્ર કાયદાઓ

વિશ્વભરમાં મહિલાઓની તરફેણના કાયદાઓનું કડક રીતે પાલન કરવામાં આવે છે પરંતુ કેટલાક દેશ વિદેશના વિચિત્ર કાયદાઓ હાલમાં પણ મોજુદ છે. જે મહિલાઓની સ્વતંત્રતા પર તરાપ મારે છે. કહેવાતા વિકશીત દેશોમાં પણ મહિલાઓ માટે પ્રતિબંધિત નિયમોનો હાલમાં પણ ફરજીયાત પાલન કરવામાં આવે છે અને તેનો ભંગ કરનારને કડક સજા તથા દંડ પણ કરવામાં આવે છે.

એશીયાના દક્ષિણ પૂર્વ ભાગમાં આવેલા ફિલીપાઈન્સમાં મહિલાઓને છૂટાછેડા મેળવવાની પરવાનગી નથી.

એક વખત લગ્ન થઈ ગયા બાદ મૃત્યુ સુધી છુટાછેડા સંભવ નથી. અમુક ખાસ પ્રકારના કારણો હોય તો માત્ર મુસ્લીમ મહિલાઓને જ છૂટાછેડા આપવામાં આવે છે. છૂટાછેડાનો અવેજ એક વિચિત્ર કાયદો વેદીકન સીન્ટ નામના રોમન કેથલીક ચર્ચ અને પોપના નામે મશહુર આ ટચુકડા દેશમાં પણ મહિલાઓને તેમના પતિથી છૂટાછેડા મેળવવા માટે પરવાનગી નથી મળતી ખાસ કેસમાં પતિ પત્નીના સગા વહાલા તથા મિત્રોનો મત મેળવી વોટીંગ કરાવી છૂટાછેડા ખાસ કેસમાં જ મંજુર કરવામાં આવે છે. વોટીંગમાં પત્ની હારે તો તેની નામરજી સીવાય પણ પતિ સાથે જીંદગી વિતાવવા ફરજ પડે છે તેમજ આવી અરજી ઉપર એક જ વખત વોટીંગ થાય છે જે અંતિમ ગણાય છે.

તુર્કીસ્તાનમાં પતિની રજા મંજુરી સીવાય પત્ની બહાર નોકરી ધંધો કે રોજગાર મેળવી શકતી નથી તેમ છતાં પતિની મંજુરી સીવાય પત્ની આવું દુષ્કાર્ય કરે તો પત્નીને

અનુસંધાન પાના નં ૭ પર

# કોઈ પરીક્ષા કે પરિણામ જીવનથી વધુ કિંમતી હોઈ ન શકે



**WhatsApp ઑફ ધી વીક**

નેહલ ગઢવી

સૂકા એ હોઠ પર લાખ દિવા પ્રગટ કર,
તારા દિલમાં પણ છે, એ જ ખુદા, પ્રગટ કર.
સાંભળતા જ કરે આંખો ભીની, બસ એવી,
દિલથી અસરકારક એક દુઆ પ્રગટ કર.
- રાહુલ શાહ

પરીક્ષા આપ્યા પછી સૌથી અઘરી બાબત હોય છે પરિણામનો સામનો કરવાની! ધાર્યું હોય તેનાથી કયારેક વધુ, કયારેક ઓછું પરિણામ આવે ત્યારે તે ક્ષણ જીરવવી સમગ્ર પરિવાર માટે એક નવી જ પરીક્ષા સમી હોય છે. ખરેખર કુદરતના ક્રમનો સહજતાથી અનુસરીએ તો આપણે પણ સતત સમતામાં રહી શકીએ. પણ આપણી સામે જે સાવ પ્રત્યક્ષ હોય તે મોટાભાગે આપણે અવગણી કાઢીએ છીએ. 'સૂર્ય' એ પૃથ્વી પરના પ્રત્યક્ષ દેવ છે અને છતાં પણ દરરોજ સાંજ થતાં એ સૂર્યને પણ અસ્ત થવું જ પડે તેવો કુદરતનો ક્રમ છે. ઉદય થતા સૂર્યનું જેટલું મહત્ત્વ છે એટલું જ સૌંદર્ય આ અસ્ત થતા સૂર્યનું પણ છે જ. એનું સૌંદર્ય, આ લાલિત્ય અને એની ગરિમા પણ એટલી જ દૈવી છે. જીવનના સારા-નરસા અનુભવો પણ કંઈક આવા જ છે.

જીવનમાં ઘણીવાર એવા અનુભવો થાય છે જયારે ચારે તરફ અંધકાર છવાઈ જાય છે. પણ એ ક્ષણ પણ વીતી જ જવાની હોય છે તે પણ એક સનાનત સત્ય છે. હવે જોવાની બાબત એ છે કે આ આવી પડેલા અંધકારનો સામનો તમે શી રીતે કરો છો ? પરિવારનું મહત્ત્વ એટલે જ જીવનમાં અગત્યનું છે કે તે આવા અઘરાં સમય દરમિયાન એકબીજાના સાથ-સહકાર અને હૂંફના કારણે જલ્દી પસાર થઈ શકે છે. તકલીફ અને મૂંઝવણનો સમય હંમેશા વધુ લાંબો હોવા છતાં



પરિવારજનો અને સકારાત્મક અભિગમ ધરાવતા લોકોની આસપાસ રહેવાની ને પસાર થવામાં ઓછી તકલીફ અનુભવાય છે.

શ્રી મોહનલાલ પંચાલ એક સરસ વાત લખે છે કે, "શાળાનાં માત્ર બે ટકા જ બાળકો કલાકાર બનવાનાં છે એમ જાણવા છતાં સહુને ચિત્રકલાનું શિક્ષણ આપવું, જોઈએ. દરેક બાળકના હૃદયમાં સૌંદર્ય માટે પ્રેમ જાગે અને નાની-નાની ચીજોમાં રહેલા સૌંદર્ય સાથે એ તાદાત્મય સાધે, તે ચિત્ર-શિક્ષણનો પ્રથમ હેતુ છે.વળી, એની અવલોકનશક્તિનો પણ એ રીતે વિકાસ થાય. એની વાણીમાં, વર્તનમાં, કાર્યમાં અને ચારિત્ર્યમાં સુઘડતા, સંવાદિતા અને ચેતના લાવવી, એ ચિત્રકળાનું જ કામ છે."

વિદ્યાર્થી કેટલો સારો માણસ કે વ્યક્તિ બનશે એનો આધાર એના પર પ્રભાવ પાડનાર શિક્ષણ અને શિક્ષણસંસ્થા પર રહેલો છે. વિદ્યાર્થીને જ્ઞાનની તરસ હોય તો એ એની આસપાસની તમામ બાબતોમાંથી સતત કંઈ ને કંઈ શોધ્યા જ કરશે. કુદરત, સમાજ, વડીલો અને શિક્ષકો જે કંઈ પણ શીખવે તેને સમજવા અને જાણવા તૈયાર રહીને વિદ્યાર્થી જીવનનું ભાથું મેળવી લે છે. શ્રી કાકાસાહેબ કાલેલકર કહે છે કે, "કોઈ પણ શિક્ષણ સંસ્થામાં મોટામાં મોટો અધિકાર તો વિદ્યાર્થીઓને ભણાવવાની છૂટ, તેમના પર અસર પાડવાની તક, એ જ છે. તે જયાં સુધી આપણી પાસે છે ત્યાં સુધી બીજા અધિકારો મળે કે ન મળે એની દરકાર સાચા શિક્ષકોને ન હોય. કોઈ પણ સંસ્થામાં આપણે થોડા દિવસને માટે હોઈએ કે કાયમને માટે, તે સંસ્થાનું આત્યંતિક હિત, તે સંસ્થાની પ્રતિષ્ઠા અને વાતાવરણની પવિત્રતા એ ત્રણે વસ્તુ વિશે ઈંતેજારી આપણામાં પૂરેપૂરી હોવી જોઈએ. એક દિવસને માટે ભણાવતા હોઈએ તો પણ સંપૂર્ણ નિષ્ઠાથી ભણાવવું, એ તો પ્રામાણિક સેવામાં આવી જાય છે. એ તો માણસની પોતાના પ્રત્યેની જ ફરજ છે. શિક્ષકોએ એ પણ ન ભૂલવું જોઈએ કે દરેક દિવસ એ પોતાની લાયકાત વધારવાની એક અસાધારણ તક છે. ભણવામાં કે ભણાવવામાં એક દિવસને માટે પણ જો આપણે બેદરકાર કે નિરુત્સાહ થઈએ, વેઠ ઉતારીએ તો આપણી ઉન્નતિનો એક દિવસ આપણે ખોયો ગણવો જોઈએ."

આપણી શિક્ષણવ્યવસ્થા અને નકારાત્મક મનોદશાને આપણે સૌએ સાથે મળીને બદલવી પડશે. સારા અને ઉચ્ચ આદર્શો ધરાવતા સમાજનું નિર્માણ કરવા વિદ્યાર્થી અને શિક્ષકો, શિક્ષણસંસ્થા અને વાલીઓ સૌએ સાથે મળીને પ્રયાસ કરવો પડશે. દરેક વ્યક્તિની એક ચોક્કસ ક્ષમતા હોય છે અને એ ક્ષમતાને સ્વીકારવાની અને સમજવાની આપણી ફરજ છે, સૌએ પોતાનું 'બૅસ્ટ' જ આપ્યું હોય અને છતાં ધાર્યું પરિણામ ન આવે તો તે સ્વીકારવાની ખેલદીલી કેળવવી જોઈએ. કોઈ પરીક્ષા કે પરિણામ જીવનથી વધુ કિંમતી કે અગત્યનું હોઈ શકે જ નહિ તે સમજવું પડશે.

**Last Seen :**

"માણસ છું, ઊંચકાય એટલું તગારામાં ભરું,
ઈશ્વર થોડો છું કે આંગળી પર ગોવર્ધન ધરું!"

- ડૉ. હિતેશ પટેલ 'હિત'

- nehalgadhavi101@gmail.com

# ભારતીય ન્યાયતંત્ર અને સરકાર વચ્ચે કમનસીબ ટકરાવ



**અતિતની આજ**

ડૉ. હરિ દેસાઈ

ભારતીય પ્રજાની અંતિમ આશા લેખાતી સર્વોચ્ચ અદાલત (સુપ્રીમ કૉર્ટ) છેલ્લા કેટલાક વખતથી વિશ્વસનીયતાની કટોકટીના ત્રિભેટે આવીને ઊભી છે.ન્યાયતંત્રને રાજકીય વિવાદમાં ખેંચવાના પ્રયાસો થઈ રહ્યા છે. શ્રીમતી ઈન્દિરા ગાંધીના શાસનવેળા કહ્યાગરા ન્યાયતંત્ર (કમિટેડ જ્યુડિશિયરી) જેવો શબ્દપ્રયોગ પ્રચલિત બન્યો હતો. નરેન્દ્ર મોદીના શાસનમાં હવે એવા જ આક્ષેપ ન્યાયતંત્રના મુખિયા વિશે થવા માંડ્યા છે. સર્વોચ્ચ અદાલત અને રાજ્યોની વડી અદાલતોના ન્યાયાધીશોની નિમણૂક અંગે સર્વોચ્ચ અદાલતના મુખ્ય ન્યાયાધીશના વડપણવાળા કૉલેજિયમની ભલામણોને વર્તમાન સરકાર અનુકૂળતા મુજબ સ્વીકારે કે ફગાવે છે,એ વાત પણ વિવાદનો વિષય બની છે. ઉત્તરાખંડની વડી અદાલતના મુખ્ય ન્યાયમૂર્તિ કે.ઍમ.જૉસેફને સર્વોચ્ચ અદાલતમાં નિયુક્ત કરવા માટે કૉલેજિયમે સરકારને ભલામણ કરી,પણ એમની ફાઈલ પરત કરવામાં આવી.સામાન્ય રીતે વર્તમાન કેન્દ્ર સરકારને અનુકૂળ ગણાતા સર્વોચ્ચ અદાલતના નિવૃત્ત મુખ્ય ન્યાયમૂર્તિ આર.એમ.લોઢા સહિતના કેટલાક નિવૃત્ત મુખ્ય ન્યાયમૂર્તિઓએ પણ જૉસેફની નિમણૂક નહીં કરાયાને "ન્યાયતંત્રમાં સરકારી દખલ" ગણાવી છે.અગાઉ જસ્ટિસ જૉસેફે ઉત્તરાખંડમાં રાષ્ટ્રપતિ શાસન લાદવાના મોદી સરકારના નિર્ણયને રદબાતલ ઠરાવ્યો હતો. જોકે જસ્ટિસ જૉસેફની નિમણૂક અંગે પુનર્વિચાર કરવાના સરકારના નિર્ણયને એ વાત સાથે સંબંધ નહીં હોવાની ચોખવટ કેન્દ્ર તરફથી કરાઈ છે. કૉલેજિયમ થકી એ વિશે પુનર્વિચાર કરવા ફરીને ૨ મે ૨૦૧૮ના રોજ બેઠક યોજી એ સંદર્ભમાં સરકારને અપેક્ષિત નિર્ણય લેવાનું ટાળ્યું છે.ઉપરાંત સરકારે કલકત્તા, રાજસ્થાન,તેલંગણ અને આંધ્ર પ્રદેશની વડી અદાલતોના ન્યાયાધીશોના નામ વિચારવા માટે કરેલા આગ્રહને પણ કૉલેજિયમ થકી ટાળી દેવામાં આવ્યો હોવાનું સર્વોચ્ચ અદાલતે ૨ મેના રોજ બહાર પાડેલા નિવેદનમાં સ્પષ્ટ કર્યું છે. હજુ ગજગ્રાહ ચાલુ જ રહેશે.

ગઈ ૨૦મી એપ્રિલે રાજ્યસભાના કુલ ૨૪૫માંથી ન્યૂનતમ જરૂરી ૫૦ને બદલે ૭૧ સભ્યોની સહીથી ભારતના મુખ્ય ન્યાયાધીશ દીપક મિશ્રાને હોદ્દેથી દૂર કરવા માટે મહાભિયોગ માટેનું આરોપનામું રાજ્યસભાના સભાપતિ એમ. વેંકૈયા નાયડુને સુપરત કરાયું. ત્રણ જ દિવસમાં કાનૂન અને બંધારણ વિષયક નિષ્ણાતોનો મત જાણીને દેશના ઉપરાષ્ટ્રપતિ અને રાજ્યસભાના સભાપતિ વેંકૈયા નાયડુએ મહાભિયોગ માટેની દરખાસ્તને ફગાવી દીધી. એમના આ પગલાથી સમગ્ર ભારતમાં માત્ર રાજકીય જ નહિ, ન્યાયતંત્રને લગતા વિવાદનો નવો મધપૂડો છંછેડાયો છે. સંયોગ એવો છે કે લગભગ અઢી દાયકા પછી ભારતની સર્વોચ્ચ અદાલતના કોઈ ન્યાયમૂર્તિને હોદ્દેથી દૂર કરવા માટે મહાભિયોગ (ઈમ્પિચમેન્ટ)ની દરખાસ્ત સંસદ સમક્ષ રજૂ થઈ. એને સભાપતિએ ફગાવી દેતાં મામલો સર્વોચ્ચ અદાલતમાં લઈ જવાની કૉંગ્રેસ સહિતના વિપક્ષોએ ઘોષણા કરી છે.

- દેશના ટોચના ન્યાયાધીશોની નિમણૂકની ભલામણ કરનાર કૉલેજિયમ હજુ સરકારને વશ થવા તૈયાર નથી
- મુખ્ય ન્યાયાધીશ મિશ્રા વિરુદ્ધ મહાભિયોગની અઢી દાયકા પછીની દરખાસ્તે વિવાદનો નવો મધપૂડો છંછેડ્યો
- વર્ષ ૧૯૯૧માં જસ્ટિસ રામાસ્વામી સામે મહાભિયોગ દરખાસ્તનો વિરોધ કરનાર સિબ્બલ આ વખતે પ્રણેતા
- સર્વોચ્ચ અદાલતમાં એક પણ દલિત-આદિવાસી ન્યાયાધીશ નહીં હોવાનું મોદી સરકારના મંત્રીઓ કહે છે

અગાઉ ૨૯મી ફેબ્રુઆરી, ૧૯૯૧ના રોજ રાષ્ટ્રીય મોરચા (નૅશનલ ફ્રન્ટ), ડાબેરી મોરચા અને ભારતીય જનતા પક્ષ (ભાજપ)ના ૧૦૮ સભ્યોએ લોકસભાના અધ્યક્ષ (સ્પીકર) રવિ રે સમક્ષ સર્વોચ્ચ અદાલતના ન્યાયાધીશ વી. રામાસ્વામીને હોદ્દેથી દૂર કરવા માટે મહાભિયોગની દરખાસ્ત કરી હતી. એ પછી એપ્રિલ, ૨૦૧૮માં મુખ્ય ન્યાયાધીશ દીપક મિશ્રા વિરુદ્ધ મહાભિયોગની દરખાસ્ત રાજ્યસભાના ૬૪+૭ સભ્યોએ રજૂ કરી છે. સંયોગ એવો છે કે જસ્ટિસ રામાસ્વામી વિરુદ્ધની મહાભિયોગની દરખાસ્ત વિરુદ્ધ એ વેળા લોકસભામાં એક ધારાશાસ્ત્રી તરીકે છ કલાક સુધી રજૂઆત કરનાર કૉંગ્રેસ સાથે સંકળાયેલા સર્વોચ્ચ અદાલતના વરિષ્ઠ ધારાશાસ્ત્રી, ભૂતપૂર્વ કેન્દ્રીય મંત્રી અને વર્તમાન સાંસદ કપિલ સિબ્બલ આ વખતે જસ્ટિસ દીપક મિશ્રાને હોદ્દેથી દૂર કરવા માટેની મહાભિયોગની દરખાસ્તના પ્રણેતા છે. એટલું જ નહિ, એમણે જસ્ટિસ મિશ્રાની અદાલતમાં કોઈ કેસમાં હાજર નહિ થવાનું ઍલાન પણ કર્યું છે. વર્તમાન મુખ્ય ન્યાયાધીશ મિશ્રાના કાકા અને અગાઉ ભારતના મુખ્ય ન્યાયાધીશ રહેલા રંગનાથ મિશ્રા સદગત વડાં પ્રધાન ઈન્દિરા ગાંધી સાથે નિકટના સંબંધ ધરાવતા હતા, એટલું જ નહિ, તેમની નિવૃત્તિ પછી તેમને વર્ષ ૧૯૯૮થી ૨૦૦૪ દરમિયાન રાજ્યસભામાં મોકલવાનું પણ કૉંગ્રેસે પસંદ કર્યું હતું. દેશના માનવાધિકાર પંચના અધ્યક્ષપદ પર રહેલા જસ્ટિસ રંગનાથ મિશ્રાના વડપણ હેઠળ મુસ્લિમોની સ્થિતિના અભ્યાસ અને ભલામણ માટે નિયુક્ત કરાયેલા પંચે પોતાના અહેવાલમાં મુસ્લિમો માટે ૧૦ ટકા અનામતની ભલામણ પણ કરી હતી.

ભારતીય બંધારણની કલમ ૧૨૪(૪)માં સર્વોચ્ચ અદાલતના ન્યાયાધીશને હોદ્દા પરથી દૂર કરવા માટે સંસદમાં તેમની સામે મહાભિયોગની દરખાસ્ત લાવવાની અને એ જો મંજૂર થાય તો સંબંધિત ન્યાયાધીશને હોદ્દેથી દૂર કરવાની જોગવાઈ છે. ન્યાયતંત્રની તટસ્થતા, સ્વતંત્રતા અને નિર્ભીકતા માટે બંધારણીય સુરક્ષાકવચની જોગવાઈ રાખવામાં આવી છે. કૉંગ્રેસના વડપણ હેઠળના વિપક્ષ પાસે રાજ્યસભામાં જ બહુમતી હોવાથી એણે વિપક્ષોના સાથમાં મુખ્ય ન્યાયાધીશ મિશ્રા વિરુદ્ધ તેમની કથિત ગેરરીતિઓ અને અયોગ્ય વ્યવહારને લઈને મહાભિયોગની દરખાસ્ત પર ૭૧ સંસદસભ્યોના હસ્તાક્ષર સાથે એ રાજ્યસભાના સભાપતિને સુપરત કરી હતી. કૉલેજિયમમાં મુખ્ય ન્યાયાધીશ મિશ્રા ઉપરાંત જે ચાર ન્યાયાધીશો છે એ સર્વોચ્ચ અદાલતના ચારેય વરિષ્ઠતમ ન્યાયાધીશો જે.ચેલમેશ્વર, રંજન ગોગોઈ, કુરિયન જોસેફ અને મદન લોકુરે પત્રકાર પરિષદ લઈને થોડા સમય પહેલાં મુખ્ય ન્યાયાધીશના વલણ અંગે 'ઑલ ઈઝ નોટ વૅલ'ના સંકેત આપ્યા હતા.મુંબઈની સીબીઆઈ કૉર્ટના ન્યાયાધીશ બી.એચ.લોયાના મોત અંગેના વિવાદે પણ ન્યાયતંત્રના મતભેદોને બહાર આણ્યા છે.હજુ એમનાં પત્રલેખન અને વિરોધી સૂર ચાલુ જ છે,પણ કૉલેજિયમની બેઠકમાં અને અદાલતી કાર્યવાહીમાં તેઓ ભાગ લઈ જ રહ્યા છે. મહાભિયોગની હિલચાલ તો આ બધા ઘટનાક્રમ દરમિયાન ચાલતી હતી. એટલે જે ૭૧ જણે હસ્તાક્ષર કર્યા હતા અને એ દરખાસ્ત ૨૦ એપ્રિલ, ૨૦૧૮ના રોજ સભાપતિને સુપરત કરાઈ ત્યાં લગી હસ્તાક્ષર કરનારા રાજ્ય સભાના સાત સભ્યો નિવૃત્ત થઈ ચૂક્યા હતા.

રાજ્યસભાના સભ્યો દર છ વર્ષે વારાફરતી નિવૃત્ત થાય છે. જોકે રાજ્યસભામાં વિપક્ષના નેતા અને કૉંગ્રેસના અગ્રણી ગુલામ નબી આઝાદે સ્પષ્ટતા કરવી પડી હતી કે અમારે મહાભિયોગની દરખાસ્ત રજૂ કરવા માટે માત્ર ૫૦ સભ્યોના ટેકાની જ જરૂર પડે, સાત જણને બાકાત ગણાય તો પણ જરૂર કરતાં વધુ સભ્યોનો એને ટેકો છે. કૉંગ્રેસ ઉપરાંત રાષ્ટ્રવાદી કૉંગ્રેસ (ઍનસીપી), સીપીઆઈ-ઍમ, સીપીઆઈ, સમાજવાદી પાર્ટી અને મુસ્લિમ લીગના સભ્યોએ મહાભિયોગ દરખાસ્ત પર હસ્તાક્ષર કર્યા હતા. સલમાન ખુરશીદ જેવા કૉંગ્રેસના નેતાએ પોતે આ દરખાસ્ત સાથે સંમત નહીં હોવાનું જણાવીને વિરોધ કર્યો હતો. આવા સંજાગોમાં જસ્ટિસ દીપક મિશ્રા વિરુદ્ધના મહાભિયોગની દરખાસ્તનો સૌથી પહેલો વિરોધ એમના વતન-રાજ્ય ઓડિશાના મુખ્યમંત્રી અને બિજુ જનતા

અનુસંધાન પાના નં ૭ પર